# જિલ્લા પુરવઠા અને એસઓજીના સંયુક્ત ઑપરેશનમાં ગેરકાયદેસર રાંધણગેસના બાટલા ઝડપી લેવાયા

## ૭૬,૮૦૦ના મુદ્દામાલ સહિત એકની અટકાયત



પાલનપુર, તા. ૩

બનાસકાંઠા જિલ્લા પુરવઠા અને એસ.ઓ.જી. પોલીસના સંયુક્ત ઓપરેશનમાં નવા ગંજ બજારની સામે આવેલ મકાન આગળથી ત્રણ બાટલા રાંધણગેસના રીફીલીંગ કરવા માટેની મોટર એક મારૂતિકાર ચાલક સાથે ઝડપી પાડીને આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

પાલનપુર નવા ગંજબજારની સામે આવેલ મકાનની આગળ એક મારૂતિકાર નં. જીજે-૧૮-એ-૫૬૨૯માં ત્રણ ભારત ગેસના બાટલા અને ગેસ રીફીલીંગ કરવાની મોટર સાથે રીફીલીંગ કરતા હોવાની બાતમી જિલ્લા પુરવઠાના સી.એસ. ડોડીયા તથા ડી.એમ. પટેલ તથા એસઓજીના વી.આર. પટેલે રેડ કરતાં ગાડી સાથે ચાલક મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો. જેમાં ચાલક અમૃતભાઈ કસ્તુરજી બારોટ રહે. ડેર, તા. પાટણની અટકાયત કરી હતી. જ્યારે મારૂતિનો માલીક પ્રમોદભાઈ ભગવાનભાઈ પટેલ હોવાનું બહાર આવ્યું છે. જ્યારે ગાડીમાં રાંધણગેસના ભારતગેસના ત્રણ બાટલા ગેસ રીફીલીંગ માટેની મોટર તથા મારૂતિ કાર મળીને કુલ ૭૬,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાલનપુર સોનગઢ પાસે કારની અડફેટમાં યુવાનનું મોત

પાલનપુર, તા. ૩

પાલનપુર નજીક આવેલ સોનગઢ પાટીયા પાસે એક કાર ચાલકે કાર પૂરઝડપે હંકારીને બાઈકને ટક્કર મારતા યુવાન ગંભીર રીતે ઘવાયો હતો જેને તાત્કાલિક ૧૦૮ મારફતે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. તેની ઓળખવિધિ કરતા મૃતક પાટણ જિલ્લાના વામણીયા ગામનો હોવાનું જાણવા મળતા તાલુકા પોલીસે વાલી વારસનો સંપર્ક કરી મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો.

## ગુજરાતનાં ભિલાડ ચૅક-પોસ્ટની સતત ૧૧મા વર્ષે વધુ આવક

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનાં અગત્યનાં ચેકપોસ્ટ ઉપર અમલી બનાવેલ અસરકારક વ્યવસ્થાપનનાં ફળદાયી પરિણામો મળ્યા છે. ગુજરાત-મહારાષ્ટ્રની સીમા પર અમદાવાદ-મુંબઈ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ પર આવેલી ગુજરાતની ભિલાડ ચેકપોસ્ટે સતત ૧૧માં વર્ષેપણ તેનાથી માત્ર દોઢ કિલોમીટરનાં અંતરે આવેલ મહારાષ્ટ્રની અછાડ ચેકપોસ્ટ કરતાં વધુ આવક નોંધાવી છે.

વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન ભિલાડ ચેકપોસ્ટે રૂ. ૬૯ રોડ ૨૮ લાખ ૮ હજાર ૮૧૭ની આવક નોંધાવી છે જેની સામે અછાત તપાસ નાકાની આવક રૂ. ૪૫ કરોડ ૭૪ લાખ ૪૮ હજાર ૬૬૬ જેટલી રહી છે. ભિલાડ સતત ૧૧ વર્ષથી અછાડને આવકનાં મામલે મ્હાત આપી રહ્યું છે. ૨૦૦૧-૦૨થી લઈને અત્યાર સુધીમાં ભિલાડની આવક રૂ. ૮,૧૧,૮૭,૪૩,૮૫૯ જેટલી રહી છે, જેની સામે આ સમયગાળા દરમિયાન અછાડની આવક રૂ. ૩,૦૭,૪૬,૭૩,૦૯૪ જેટલી રહી છે. આમ, છેલ્લા ૧૧ વર્ષમાં મહારાષ્ટ્રના અછાડ કરતાં ગુજરાતનાં ભિલાડે ૫૦૦ કરોડથી વધુની આવક નોંધાવી છે.



# બાયડ તાલુકામાં રેકર્ડ બ્રેક ૪૨ ડિગ્રી ગરમીનું તાપમાન

બાયડ તા. ૩

સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ચાર દિવસથી રેકોર્ડ બ્રેક ગરમી નોધાઈ છે. માથુ ફાડી નાંખે તેવી ગરમીને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. સવારથી આકાશમાં અગન ગોળા વછુટયા હોય તેમ ગરમીએ જીલ્લાની પ્રજાને બાનમાં લીધી હતી. ઉનાળાની બપોરે છેલ્લા ૪ દિવસથી પ્રજાને હેરાન પરેશાન કરી નાંખી છે.બપોર થતાંજ લમણા શેકી નાંખતી ગરમીને કારણે વટેમાર્ગુ અને વાહનચાલકો હેરાન પરેશાન થઈ ગયા છે. જેને કારણે બપોરના સમયે લોકોએ ઘરમાં પુરાઈ રહેવાનું જ મુનાસીફ માની રહયા છે. જયારે આજે બાયડ તાલુકામાં અત્યાર સુધીની રેકોર્ડબ્રેક ગરમીનું તાપમાન ૪૨ ડિગ્રી નોધાયું હતું. લઘુત્તમ તાપમાનનો પારો ઉચકાતા ધીમા પગલે ઉનાળાનો પ્રારંભ થઈ ગયો છે. જો કે પ્રારંભે જ કાળઝાળ ગરમી પડતા આ વખતનો ઉનાળો આકરો નિવડવાની શકયતા છે. આ વખતે ઉનાળાનું મોડુ આગમન થયુ છે. પરંતુ સુરજદાદા આગ ઓકવા લાગતા બપોરના સુમારે તિક્ષણગરમી પડી રહી છે. તેથી ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં બજારમાં ચહેલ પહેલ ઓછી દેખાઈ રહી છે. લોકો આ કાળઝાળ ગરમીથી રાહત મેળવવા માટે બજારમાં ઠંડા-પીણાના સ્ટોલો અને તરબુચના સ્ટોલ ઉપર લોકોની ભીડ દેખાઈ રહી છે. જયારે બીજી બાજુ સવારમાં ઠંડીનો માહોલ યથાવત રહયો છે તેથી મીક્ષ ઋતુના કારણે ખાસ કરીને બાળકો કુલ્ફી અને ઠંઠા-પીણા આરોગતા શરદી, કફ અને ખાંસી જેવા રોગોનો ભોગ બન્યા છે.

(તસ્વીર : સમીર બલોચ બાયડ)

# પાલનપુર પાલિકાના કર્મચારીઓ દ્વારા ટી પી કમિટિના ચૅરમેનના આદેશનો અનાદર કરાતાં હોબાળો

પાલનપુર, તા. ૩

પાલનપુર નગરપાલિકા હદ વિસ્તારમાં થતા કામોની લોકો પાસે ભરપાઈ કરાવીને પાલિકામાં આવકનો શ્રોત ઉભો કર્યો છે. છતાં ગતરોજ તેમના સંબંધી કામ લઈને પાલિકા ખાતે આવેલા એન.જી.પટેલે કર્મચારીને કામ કરી આપવા જણાવ્યું હતું ત્યારે કર્મચારીઓએ ડોક્યુમેન્ટ પુરા નથી, કામ નહી થાય તેવુ જણાવતાં એન.જી. પટેલ અને કર્મચારીઓ વચ્ચે તૂ-તૂ મે-મેના દશ્યો સર્જાયા હતા.

આ બાબતની જાણ પ્રમુખને કરાતા ભૂટ્ટોના કહેવાથી કર્મચારીઓએ કોઈપણ પ્રશ્ન કર્યા વિના વગર ડોક્યુમેન્ટસે તરત જ કામ કરી આપતા ટી.પી. કમિટિના ચેરમેનનું સ્વમાનનું ચીરહરણ થયાનો અહેસાસ થતા હોબાળો સર્જાયો હતો.

નગરપાલિકામાં ભાજપના શાસનમાં ભાજપના નગરસેવકોનું કામ કરાતું નથી પણ પ્રમુખના આદેશનું પાલન કરાય છે. આમ દિનપ્રતિદિન વિવાદો વકરતા અંદરોઅંદર તીરાડો પડતી દેખાય છે. નગરપાલિકાના ભાજપના નગરસેવકોમાં અંદરોઅંદર ડખો વધતો જાય છે. જ્યારે નગરના કામો ખોરંભે ચઢતા નગરજનો મુશ્કેલીમાં મુકાયા છે. તો કર્મચારીઓ માત્ર પ્રમુખનો આદેશ માને તેમ નગર સેવકો જણાવી રહ્યા છે.

# સોનોગ્રાફી મશીનોના રીન્યુઅલ અટકાવાતાં તબીબોએ રેલી કાઢી આવેદનપત્ર સોંપ્યું

મહેસાણા, તા.૩

મહેસાણા જિલ્લામાં સ્ત્રી રોગ નિષ્ણાંત ખાનગી તબીબોના સોનોગ્રાફી મશીનોને જિલ્લા વહીવટીતંત્રના આદેશથી રીન્યુઅલ અટકાવતા તેના વિરોધમાં જિલ્લાના સ્ત્રી રોગ નિષ્ણાંત તબીબોએ શહેરમાં રેલી કાઢી કલેકટર કચેરીએ જઈ આવેદનપત્ર આપી સરકારની ચિરંજીવી યોજનાનો બહિષ્કાર કર્યો છે.

કથિત જાતિય પરીક્ષણના મામલે જિલ્લા વહીવટી તંત્રે મહેસાણા ઊંઝા સહિતના ૧૪ જેટલા ગાયનેક તબીબોના સોનોગ્રાફી મશીનોનું રીન્યુઅલ અટકાવી દીધું હતું જેથી રોષે ભરાયેલા જિલ્લાના ગાયનેક તબીબોએ સંગઠિત થઈ આજે મહેસાણા શહેરમાં રેલી કાઢી હતી અને જિલ્લા કલેકટર કચેરીએ જઈ એક આવેદનપત્ર સુપ્રત કર્યું હતું જેમાં રાજય સરકારની ચિરંજીવી યોજનાનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરાયો હતો. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી જિલ્લા વહીવટીતંત્ર અને ગાયનેક તબીબો વચ્ચે સોનોગ્રાફી મશીનોના રીન્યુઅલ અટકાવીને કાયદેસરની કાર્યવાહી કરવાના મુદ્દે ગજગ્રાહ પેદા થતા મામલો ગરમાયો છે.

# હિંમતનગર નગરપાલિકામાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા ભરતભાઈ મોદીનો વિદાય સમારંભ

હિંમતનગર, તા.૩

હિંમતનગર નગરપાલિકામાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા ભરતભાઈ એચ. મોદી તા. ૩૧-૩-૧૨ના રોજ નિવૃત્ત થતાં જગદીશ પ્લાઝા ખાતે નગરપાલિકા પરિવાર તરફથી વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

વિદાય સમારંભમાં નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબેન ડી. ગાંધી, ઉપપ્રમુખ શંકરભાઈ બી. કહાર, કારોબારી અધ્યક્ષ જે.ડી. પટેલ, પૂર્વ સદસ્ય બાલુભાઈ પંડયા, ઈબ્રાહીમભાઈ સાબુગર તથા પાલિકાના ચીફ ઓફીસર સુરેશભાઈ શેઠ, નગરપાલિકાના ભૂતપૂર્વ કર્મચારીઓ તથા નગરપાલિકાના કર્મચારી ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબેન ગાંધી દ્વારા ભરતભાઈને શ્રીફળ તથા ૧૧ રૂ. અને મોમેન્ટો આપી તેમનું અભિવાદન કર્યું હતું. ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ તથા ચીફ ઓફીસર દ્વારા પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. પાલિકાના વિવિધ વિભાગ દ્વારા તથા ભૂતપૂર્વ કર્મચારીઓ દ્વારા મોદીને મોમેન્ટો આપવામાં આવ્યું હતું.

નગરપાલિકાના પ્રમુખે ભરતભાઈ મોદીની સેવાઓને બિરદાવી હતી અને આવનારા દિવસોમાં નગરપાલિકા વિકાસના ક્ષેત્રે હરણફાળ ભરનાર હોઈ અનુભવી અને નિષ્ઠાવાન કર્મચારીઓની ખોટ વર્તાશે તેમ જે.ડી. પટેલે જણાવ્યું હતું. ભરતભાઈ મોદીના શાંત સ્વભાવ તથા સેવાઓની કદર શંકરભાઈ કહાર દ્વારા કરવામાં આવી હતી.

ચીફ ઓફીસર સુરેશભાઈ શેઠના આવ્યાથી નિવૃત્તિના દિવસે જ મળવાપાત્ર નાણાનો ચેક કર્મચારીને તેના નિવૃત્તિના દિવસે જ આપવાની પ્રથા શરૂ કરવામાં આવી છે. વિદાય સમારંભનું સંચાલન પાલિકાના ઓ.એસ. બાબુભાઈ રામી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં તમામ મહાનુભાવોનો આભાર પાલિકાના કર્મચારી રશ્મીકાન્ત ખત્રી દ્વારા કરવામાં આવ્યો હતો.

## જાહેર નિવિદા નં. એસકે/૨ સને ૨૦૧૨-૧૩
## પાટનગર યોજના વિભાગ નં. ૧, ગાંધીનગર.

કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિભાગ નં. ૧, પહેલે માળ, "બી" બ્લોક, પાટનગર યોજના ભવન, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૨૬૪)ની કચેરીએથી સદસ્ય નિવાસ, સેક્ટર-૨૧ ખાતે આવેલ શાકાહારી ભોજનાલય અને કેન્ટીન ચલાવવા માટે નક્કી થયેલ શરતોએ, અનુભવી એજન્સીઓ / ઈસમો પાસેથી નિયત ફોર્મમાં બે કવર પદ્ધતિ (પ્રી ક્વોલીફીકેશન બીડ અને પ્રાઈઝ બીડ)માં ભાવો માંગવામાં આવે છે.

આ અંગેના કોરા ભાવપત્રકો આપવાની છેલ્લી તા. ૧૮-૪-૨૦૧૨ રાખેલ છે. જ્યારે ભાવો ભરેલ ટેન્ડરો રજી. એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત લેવાની છેલ્લી તા. ૨૩-૪-૨૦૧૨ રાખેલ છે.

આ કામની પ્રિ બીડ કોન્ફરન્સ ગુજરાત વિધાનસભાના મકાનમાં ચોથા માળે આવેલ સમિતિ ખંડમાં સદસ્ય નિવાસ સમિતિ સાથે તા. ૧૭-૪-૨૦૧૨ના રોજ બપોરના ૧-૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ કામમાં રસ ધરાવતી એજન્સી / ઈસમોએ હાજર રહેવું.

આવેલ ભાવપત્રકો તા. ૨૫-૪-૨૦૧૨ના રોજ બપોરના ૧-૦૦ વાગે સદસ્ય નિવાસ સમિતિ રૂબરૂ ગુજરાત વિધાનસભાના મકાનમાં આવેલ સમિતિ ખંડમાં પ્રથમ પ્રિક્વૉલિફીકેશન બીડ ખોલવામાં આવશે. જે એજન્સી / ઈજારદારશ્રી ક્વૉલિફાઈ થસે તે જ એજન્સીઓને પ્રાઈસ બીડ ખોલવાના સમય અને તારીખની જાણ કરી પ્રાઈસ બીડ ખોલવામાં આવશે. તે સિવાયના પ્રાઈસ બીડના કવર ખોલ્યા સિવાય પરત કરવામાં આવશે.

આવેલ ભાવપત્રકો પૈકી એક કે બધા જ ભાવપત્રકો સ્વીકારવા કે રદ કરવાના હક્ક સદસ્ય નિવાસ સમિતિ અને ખાતાને અબાધિત રહેશે. જેના કોઈ કારણો આપવામાં આવશે નહિ.

આ કામની વિગતવાર નિવિદા કચેરીના નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરેલ છે. તો રસ ધરાવતા ઈસમો / એજન્સીઓએ કચેરીના ચાલુ કામકાજના દિવસોએ ઉપરોક્ત કચેરીનો સંપર્ક કરવા વિનંતી.

માહિતી/૧૧/૧૨-૧૩

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES    APOLLO TYRES
રવિવારે શો-રૂમ ૧-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
• ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
• ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
• હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
• મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



## પાલનપુર સિવિલમાં શંકાસ્પદ સ્વાઈનફ્લૂનો કેસ નોંધાતા ખળભળાટ

પાલનપુર સિવિલમાં સવારના સમયે સ્વાઈન ફલુનો શંકાસ્પદ કેસ જણાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયું હતું. જેના સેમ્પલ લઈને લેબમાં ચકાસણી અર્થે મોકલી અપાયા છે. પાલનપુર તાલુકાના ગઢ ગામના વતની ૧૬ વર્ષીય અનિલકુમાર રાજેન્દ્રભાઈ વાગોડીયાને તબીયત સારી ન રહેતા તેને પાલનપુર સિવિલમાં દાખલ કરાયો હતો અને તેના સેમ્પલ લેતા તેમા તબીબોને સ્વાઈન ફલુ જેવા લક્ષણો જણાતા તેના સેમ્પલને વધુ ચકાસમી અર્થે અમદાવાદ મોકલી આપવામાં આવ્યું હતું. આમ અચાનક જ સ્વાયનફલુ જેવા લક્ષણો જણાતા હોવાનું અનુમાન થતા આરોગ્ય અધિકારીઓ ભારે દોડધામ કરી રહ્યા છે.

## ગુજરાત યુનિ.ની પરીક્ષા રસીદમાં છબરડા યથાવત

અમદાવાદ, તા.૩

ગુજરાત યુનિવર્સિટી દ્વારા પમી એપ્રિલથી લેવાઈ રહેલી પરીક્ષાની રશીદોમાં છબરડા હોવાનું બહાર આવ્યું છે. રશીદોના છબરડાને કારણે વિદ્યાર્થીઓને છેલ્લી ઘડી સુધી દોડધામ કરવી પડી હતી. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિએ તાજેતરમાં વિવિધ ભવનોના ઉદ્ઘાટન કરી હાઈટેક યુનિવર્સિટીની યાદીમાં સ્થાન મેળવી લીધુ છે. પરંતુ ગુજ. યુનિ. દ્વારા દરવખતે પરીક્ષા પૂર્વે રશીદોમાં છબરડા નીકળતા હોય છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ • મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
• વ્હીલ એલાઈનમેન્ટ • બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
• સરકાર માન્યતા પ્રાપ્ત • અદ્યતન વર્કશોપ, બોડીકામ,
• વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
• જેન્યુન પાર્ટસ • સર્વિસીંગ • ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD    Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૫૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૩૪૩ |
| અહેમદઉલ્લા શેખ | મોડાસા | ૯૯૧૩૫૮૭૧૪૫ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| પ્રવિણભાઈ સોની | મેઘરજ | ૯૪૨૮૫૫૪૯૫૪ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૯૩૨૮૩૧૧૫૭૫ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |